GJPM010004042026

કેસ રજુ તારીખ : ૩૧–૦૧–૨૦૨૬

કેસ નોધ્યા તારીખ : ૩૧–૦૧–૨૦૨૬

કેસ ફેંસલ કર્યા તારીખ : ૦૫–૦૫–૨૦૨૬

| સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૦ | ૦૩ | ૦૫ |

**Exh.-63**

**પંચમહાલ જિલ્લાનાં મે. સ્પે. કોર્ટ (પોકસો) અને ચોથી એડીશનલ સેશન્સ કોર્ટ સમક્ષ, મુ.ગોધરા, જિ.પંચમહાલ.**

**જજમેન્ટ તારીખ : ૦૫/૦૫/૨૦૨૬**

**સ્પે.કેસ (પોકસો)નં. ૩/૨૦૨૬**

શહેરા પો.સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૭૦૬૧૨૫૧૦૮૧/૨૦૨૫

ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૫(૧)(આઇ), ૭૫(૨), ૭૬ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ ની કલમ ૩(૧)(ડબલ્યુ)(૧)(૩), ૩(૨)(૫–એ) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ–૮, ૧૨ મુજબ.

| | |
|---|---|
| Complainant | ગુજરાત રાજ્ય |
| Represented by | વિ.એ.પી.પી. શ્રી એમ.કે.દેશમુખ |
| Accused | મહેશકુમાર ઉર્ફે લાલો પર્વતભાઇ પટેલીયા<br>ઉ.વ.– ૨૩, ધંધો – ડ્રાઈવીંગ,<br>રહે. છોગાળા, પટેલીયા ફળિયું, તા. શહેરા,<br>જિ.પંચમહાલ. |
| Represented by | આરોપીના વિ.વકીલ સુ શ્રી એસ. જી. શેખ |

| | |
|---|---|
| Date of Offence | 02-12-2025 |
| Date of FIR | 03-12-2025 |
| Date of Charge sheet | 31-01-2026 |
| Date of Framing of Charges | 13-02-2026 |
| Date of commencement of evidence | 25-02-2026 |

| | |
|---|---|
| Date on which Judgment is reserved | 28-04-2026 |
| Date of the Judgment | 05-05-2026 |
| Date of the Sentencing Order, if any | 05-05-2026 |

## Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Released on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Deten-tion Under-gone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | મહેશકુમાર ઉર્ફે લાલો પર્વતભાઇ પટેલીયા | ૭/૧૨/૨૫ | યુ.ટી.પી. | બી.એન. એસ.ની કલમ–૭૫(૧)(આઇ), ૭૫(૨), ૭૬ અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ ૩(૧)(ડબલ્યુ)(૧)(૩), ૩(૨)(૫–એ) તથા પોકસો એકટની કલમ–૮, ૧૨ મુજબ | **તકસીરવાન** - બી.એન. એસ.ની કલમ–૭૫(૧)(આઇ) સાથે વાંચતા કલમ ૭૫(૨), ૭૬ મુજબના ગુનામાં તકસીરવાન | મહત્તમ કેદની સજા ૩ (ત્રણ) વર્ષ અને કુલ રૂ.૧૫,૦૦૦/– (અંકે પંદર હજાર પુરા)નો દંડ | ૭/૧૨/૨૫ થી ૫/૫/૨૬ |

## <u>:: ચુકાદો ::</u>

**૧.** ધી પોકસો એકટની જોગવાઇઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતને લક્ષમાં રાખી આ ચુકાદામાં ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેના નામની જગ્યાએ 'ભોગબનનાર' તરીકે ઉલ્લેખ કરેલ છે અને ભોગબનનારના સગાવહાલાના નામના સ્થાને ભોગબનનારના સંદર્ભમાં તેમનું સગપણ દર્શાવી તેમનો ઉલ્લેખ કરેલ છે.

**૨.** આરોપી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૫(૧)(આઇ), ૭૫(૨), ૭૬ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ ની કલમ ૩(૧)(ડબલ્યુ)(૧)(૩), ૩(૨)(૫–એ) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસુઅલ ઓફેન્સ એકટની (જેનો હવે પછી '' પોકસો એકટ '' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ – ૮, ૧૨ મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં ઇન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

**૩.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨/૧૨/૨૫ ના કલાક ૧૮–૦૦ દરમ્યાન ભોગબનનાર તેની શાળાએથી બસમાં પરત આવેલી અને પોતાના ગામના બસ સ્ટેન્ડે ઉતરી ત્યાંથી ચાલતી પોતાના ઘરે જતા હતા અને આશરે એકાદ કી. મી. પછી રસ્તાની બાજુમાં આરોપી ઉભો હતો અને તેને ફરીયાદી/ભોગબનનારને એક બાજુ બોલાવેલ પરંતું ભોગબનનારે ના પાડેલી અને આગળ ચાલવા લાગતા આરોપીએ પાછળથી ભોગબનનારનો હાથ પકડી ખેંચી રોડની સાઈડે આવેલા ખાડામાં ખેંચી લઈ જઈ ફરીયાદી/ભોગબનનારના કપડા જબરજસ્તી કાઢવા લાગેલો અને તેણીને નીચે સુવડાવી દીધેલ અને તેણીનું અડધુ પેન્ટ કાઢી નાંખેલ અને ભોગબનનારે બુમો પાડતા બાઈકવાળાએ બાઈક ઉભુ રાખતાં બાઈક ઉપર તેણીના કાકાના છોકરાઓ હતાં અને ત્યાંથી આરોપી ભાગી ગયેલો.

**૪.** ફરીયાદી/ભોગબનનારે શહેરા પોલીસ સ્ટેશનના સત્તાધિકારી સમક્ષ આ ગુનાની જાહેરાત કરતાં સત્તાધિકારીએ શહેરા પો.સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૭૦૬૧૨૫૧૦૮૧/૨૦૨૫થી આરોપી સામે ગુનો નોંધેલો અને તપાસનીશ અધિકારીએ આ ગુનાની તપાસના અંતે હાલના આરોપી સામે સ્પેશ્યલ કોર્ટ, ગોધરામાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૫(૨), ૭૬ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ ની કલમ ૩(૧)(ડબલ્યુ)(૧)(૨), ૩(૨)(૫–એ) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ–૮, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલું.

**૫.** આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં હોય તેને હાજર કરતા તપાસના કાગળોની નકલો આપી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૪૯ અન્વયે બંને પક્ષને સાંભળી આંક–૪ થી આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૫(૧)(આઇ), ૭૫(૨), ૭૬ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ ના સુધારા અધિનિયમ ૨૦૧૫ ની કલમ ૩(૧)(ડબલ્યુ)(૧)(૩), ૩(૨)(૫–એ) તથા

જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ–૮, ૧૨ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી, વાંચી, સંભળાવી, સમજાવતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો અને તે મતલબની આરોપીની પ્લી યાને નિવેદન આંક–પથી નોંધવામાં આવેલ અને સદર કેસ ફરીયાદ પક્ષના પુરાવો રજુ કરવા માટે રાખવામાં આવેલો.

**૬.** ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

## LIST OF PROSECUTION WITNESS

| Rank | Exhibit | Name | Nature of evidence |
|---|---|---|---|
| PW-1 | ૮ | ભોગબનનાર | ફરીયાદી |
| PW-2 | ૧૧ | વજાભાઈ અભાભાઈ પગી | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ |
| PW-3 | ૧૩ | જયદીપકુમાર જસવંતભાઈ પગી | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ |
| PW-4 | ૧૫ | લક્ષ્મણસિંહ અભેસિંહ પટેલીયા | આરોપીના શરીરસ્થિતિના પંચનામાના પંચ |
| PW-5 | ૧૭ | અલ્પેશભાઈ નરવતભાઈ ખાંટ | આરોપીના શરીરસ્થિતિના પંચનામાના પંચ |
| PW-6 | ૧૯ | ભોગબનનારના પિતા | સાહેદ |
| PW-7 | ૨૦ | ભોગબનનારની માતા | સાહેદ |
| PW-8 | ૨૧ | ભોગબનનારના કાકાનો છોકરો 'વી' | સાહેદ |
| PW-9 | ૨૩ | ભોગબનનારના કાકાનો છોકરો 'એમ' | સાહેદ |
| PW-10 | ૨૫ | ચેતનકુમાર હરીદાસ પટેલ | આચાર્ય |
| PW-11 | ૩૨ | પાર્થ કિરીટભાઈ પટેલ | તાલુકા વિકાસ અધિકારી |
| PW-12 | ૩૯ | રંગીતભાઈ ધુળાભાઈ બારીઆ | આચાર્ય |
| PW-13 | ૪૪ | બ્રિન્દા બળવંતસિંહ જાડેજા | તપાસ કરનાર અમલદાર |
| PW-14 | ૫૫ | અંકુર બાબુભાઈ ચૌધરી | પોલીસ સાહેદ |

# LIST OF PROSECUTION EXHIBITS

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Ex-9/PW-1 | ફરીયાદ |
| 2 | Ex-10/PW-1 | ભોગબનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન |
| 3 | Ex-12/PW-2 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 4 | Ex-16/PW-4 | આરોપીના શરીર સ્થિતિનું પંચનામું |
| 5 | Ex-26/PW-10 | જનરલ રજીસ્ટરની ખરી નકલ |
| 6 | Ex-27/PW-10 | ભોગબનનારના એલ.સી.ની નકલ |
| 7 | Ex-28/PW-10 | ભોગબનનારનુ શાળા છોડયાનુ પ્રમાણપત્ર |
| 8 | Ex-29/PW-10 | ભોગબનનારના જન્મ તારીખની ખરાઇ અંગેની યાદી |
| 9 | Ex-30/PW-10 | ભોગબનનારનો જન્મ તારીખનો દાખલો |
| 10 | Ex-31/PW-10 | આચાર્યશ્રી એ લખેલ પત્ર |
| 11 | Ex-33/PW-11 | જાતિનુ પ્રમાણપત્ર ઇસ્યુ કર્યા અંગેના રજીસ્ટરની ખરી નકલ |
| 12 | Ex-34/PW-11 | ભોગબનનારે જાતિનુ પ્રમાણપત્ર મેળવવા કરેલ અરજી અને તે સાથેના દસ્તાવેજો |
| 13 | Ex-35/PW-11 | ભોગબનનારની જાતિ અંગેનુ પ્રમાણપત્ર |
| 14 | Ex-36/PW-11 | ના.પો.અધિ. શ્રી એસ.સી.એસ.ટી. સેલ ગોધરાનાઓએ લખેલ પત્ર |
| 15 | Ex-37/PW-11 | તાલુકા વિકાસ અધિકારીએ લખેલ પત્ર |
| 16 | Ex-40/PW-12 | જનરલ રજીસ્ટરની ખરી નકલ |
| 17 | Ex-41/PW-12 | પ્રવેશ ફોર્મ |
| 18 | Ex-45/PW-13 | બી.એસ.એ.કલમ ૬૩(૪)(સી)નુ પ્રમાણપત્ર |
| 19 | Ex-46/PW-13 | હેઝ વેલ્યુનો રીપોર્ટ |
| 20 | Ex-47/PW-13 | અનુસુચિત જાતિના દાખલાની ખરાઇ કરવા તાલુકા વિકાસ અધિકારીને કરેલ યાદી |
| 21 | Ex-48/PW-13 | આરોપીને હસ્તગત કરી યાદી સાથે રજુ કરેલ તે યાદી |
| 22 | Ex-49/PW-13 | ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન લેવડાવવા |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| | | એડી.ચીફ કોર્ટ, શહેરાને કરેલ યાદી |
| 23 | Ex-50/PW-13 | પી.આઇ. શ્રી શહેરાને કરેલ યાદી |
| 24 | Ex-51/PW-13 | ભોગબનનારનો જન્મનો દાખલો મેળવવા પી.આઇ. શ્રી શહેરાને કરેલ યાદી |
| 25 | Ex-52/PW-13 | ત.ક.મંત્રી શ્રી ને કરેલ યાદી |
| 26 | Ex-53/PW-13 | પી.આઇ. શ્રી શહેરાને કરેલ યાદી |
| 27 | Ex-54/PW-13 | અપ્રાપ્ય પ્રમાણપત્ર |
| 28 | Ex-56/PW-14 | ડેપ્યુટ હુકમ |
| 29 | Ex-57/PW-14 | ફેકસ મેસેજ |
| 30 | Ex-58/PW-14 | સુચિપત્ર |

**૭.** ફરીયાદ પક્ષે આ સિવાય અન્ય કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તેઓ વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા ના હોવાનું આંક-૫૯થી કલોઝીંગ પુરસીસ રજુ કરી જાહેર કરેલ છે.

૮. ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ અન્વયે આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઇન્કાર કરી મુખ્યત્વે નકારાત્મક બચાવ લીધેલ છે અને તેમને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, તેમણે કહેવાતો કોઇ ગુનો કરેલ નથી, તે નિર્દોષ છે, તેમના વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરવામા આવેલ છે અને ખોટું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**૯.** આરોપી પક્ષે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. કોર્ટના સાક્ષી તરીકે કોઇ વ્યકિતને તપાસેલા નથી.

**૧૦.** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી એમ.કે.દેશમુખની મૌખિક દલીલો સાંભળી તથા બચાવ પક્ષે આરોપી તરફે વિ.વકીલ શ્રી એસ. જી. શેખની મૌખિક દલીલો સાંભળી તથા તેમના તરફે આંક-૬૨ થી રજુ

લેખીત દલીલો વંચાણે લીધી.

**૧૧.૧** વિ.એ.પી.પી.શ્રી ની દલીલ એવી છે કે, ભોગબનનારને ધોરણ-૧૦માં જયાં અભ્યાસ કર્યો તે શાળાના આચાર્યની જુબાનીમાં તથા ભોગબનનારે જે શાળામાં ધોરણ-૧માં પ્રવેશ કર્યો તે શાળાના આચાર્યની જુબાનીમાં ભોગબનનારની જન્મ તા.૨૮/૦૨/૨૦૧૦ની હોવાની હકીકત જણાવેલી છે અને તેઓ રજુ કરેલા દસ્તાવેજોથી ઉપરથી તે હકીકતને સમર્થન મળે છે. જેથી, તેઓની જુબાની ઉપરથી એ પુરવાર થાય છે કે, ભોગબનનારની જન્મ તા.૨૮/૦૨/૨૦૧૦ની છે અને તેથી બનાવ વખતે ભોગબનનાર સગીર વયની હોવાનું પુરવાર થાય છે.

**૧૧.૨** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનાર તેની જુબાનીમાં તે શાળાએથી ઘરે પરત આવતી હતી ત્યારે રસ્તામાં આરોપીએ તેણીને રોકી તેણીનો હાથ પકડીને રોડની સાઈડમાં લઈ ગયેલ અને જબરજસ્તી તેણીના કપડા કાઢવા લાગેલો અને તેણીએ જે પેન્ટ પહેરેલ હતું તે પેન્ટ કાઢેલું હોવાનું જણાવે છે. વધુમાં, તેણીની જુબાનીમાં તેણીએ બુમ પાડતા બે બાઈકવાળા છોકરા ઉભા રહેલા અને તે તેણીના કાકાના છોકરાઓ હતા અને મહેશ ત્યાંથી ભાગી ગયેલો. તેણીની જુબાનીને તેણીના કાકાના છોકરાઓની જુબાનીથી સમર્થન મળે છે. વધુમાં, ભોગબનનારે વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ રૂબરૂ લખાવેલ નિવેદનથી પણ ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે. જેથી, ભોગબનનારની જુબાની વિશ્વસનીય છે અને તેથી ભોગબનનારની જુબાની ઉપરથી એ પુરવાર થાય છે કે, આરોપીએ તેણીનો હાથ પકડી તેણીને રોડની બાજુમાં લઈ ગયેલ અને તેણીના કપડા કાઢતો હતો અને તેણીનો પેન્ટ કાઢેલો.

**૧૧.3** તેમની વધુમાં દલીલ એવી છે કે, ફરીયાદ પક્ષના પંચ સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતાં નથી પરંતું તપાસ કરનાર અમલદારની જુબાનીથી પંચનામાની હકીકતો પુરવાર થાય છે.

**૧૧.૪** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનારના પિતા, માતા, કાકાના છોકરાઓની જુબાનીથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળે છે. ભોગબનનારના કાકાના છોકરાઓની જુબાની જોતાં તેઓ મોટર સાઈકલ લઈને જતા હતા ત્યારે ભોગબનનારે બુમ પાડેલી હોવાની અને તેઓ ત્યાં ઉભા રહેલ હોવાની છોકરો ત્યાંથી ભાગી ગયેલ હોવાની અને ભોગબનનારને ઘરે મુકી આવેલ હોવાની હકીકત જણાવે છે અને તેથી ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે. ભોગબનનારના પિતાની જુબાની જોતાં ભોગબનનારને તેણીના કાકાનો છોકરો મુકવા આવેલ હોવાનું અને ભોગબનનારને બનાવની વાત કરેલી હોવાની હકીકત જણાવેલી છે અને તેથી તેમની જુબાનીથી પણ ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે. વધુમાં, ભોગબનનાર અનુસુચિત જાતિના હોવા અંગેનો પુરાવો પણ રજુ થયેલ છે અને તેથી ભોગબનનાર અનુસુચિત જાતિના હોવાનું પુરવાર થાય છે.

**૧૧.૫** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનાર સગીર હોવાનું પુરવાર થતુ હોય અને ભોગબનનાર અનુસુચિત જાતિના હોવાનું પુરવાર થતુ હોય અને આરોપીએ ભોગબનનારનો હાથ પકડી ખેંચીને રોડની બાજુમાં લઈ જઈ તેણીના કપડા કાઢેલ હોય આરોપી સામેનો કેસ પુરવાર થાય છે.

**૧૨.૧** આરોપી તરફે વિ.વકીલની દલીલ એવી છે કે, ફરીયાદ પક્ષ ભોગબનનાર સગીર વયની હોવાનું પુરવાર કરી શકેલ નથી. વધુમાં તેમની દલીલ એવી છે કે, ભોગબનનારની જન્મ તારીખ પુરવાર કરવા માટે અગાઉની શાળાના એલ.સી.ના આધારે લખવામાં આવેલી જન્મ તારીખ ઉપર આધાર રાખી શકાય નહીં. નામદાર સર્વોચ્ચ અદાલતે પી. યુવાપ્રકાશ વિ. રાજ્યના અદાલતે એલ.સી.ના આધારે લખવામાં આવેલી જન્મ તારીખને પુરવાર થયેલી હોવાનું માનેલું નથી અને મેટ્રીક્યુલેશન સર્ટીફીકેટ પુરાવામાં રજુ થયેલ ના હોય ભોગબનનારની જન્મ તારીખ પુરવાર થયેલી હોવાનું માનેલું નથી. વધુમાં તેમની દલીલ એવી છે કે, ભોગબનનારને જે શાળામાં ધોરણ–૧માં પ્રવેશ આપવામાં આવેલ તે શાળાના આચાર્યની જુબાની જોવામાં આવે તો ભોગબનનારના પ્રવેશ વખતે ભોગબનનારના જન્મનો

દાખલો રજુ કરવામાં આવેલ ન હતો અને ભોગબનનારની જન્મ તારીખ આશરે લખાવેલી હોવાનું જણાવેલ છે. વધુમાં, ભોગબનનારના માતા–પિતાની જુબાની જોવામાં આવે તો ભોગબનનારની જન્મ તારીખ તે જાણતા ના હોવાનું જણાવે છે. વધુમાં, ભોગબનનારના પિતાની જુબાની જોતાં તેઓના લગ્ન આશરે ૩૦ વર્ષ પહેલા થયેલ હોવાનું અને બાળકોની ઉંમર વચ્ચે એક– એક વર્ષનો ગાળો હોવાનું અને ભોગબનનાર તેમનું ચોથુ બાળક હોવાનું પુરવાર થાય છે અને તેથી ભોગબનનારની ઉંમર ૨૫ વર્ષની હોવાનું પુરવાર થાય છે. જેથી, ભોગબનનાર સગીર વયની હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૧૨.૨** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનાર સગીર વયની હોવાનું પુરવાર થતું ના હોય પોકસો એકટની જોગવાઈઓ લાગુ પડતી નથી અને કલમ–૨૯ અને ૩૦ અન્વયેનું અનુમાન અમલમાં આવતું નથી. વધુમાં, તેમની દલીલ એવી છે કે, ભોગબનનારની જુબાની વિશ્વસનીય ના હોય તો પણ કલમ–૨૯ અને ૩૦ અન્વયેનું અનુમાન અમલમાં આવતું નથી. તેમને તેમની દલીલના સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષનો કેસ 'દેબરાજ દત્તા વિ. પશ્ચિમ બંગાળ રાજય'નો ચુકાદો રજુ કરેલ છે.

**૧૨.૩** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનારની જુબાની જોતાં તે વિશ્વસનીય જુબાની નથી. તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનારની જુબાની મુજબ ભોગબનનારે ના પાડતાં ભોગબનનારનો હાથ ખેંચીને આરોપી રોડની સાઈડમાં લઈ ગયેલ હોવાનું જણાવેલ છે અને તે જોતાં ભોગબનનાર અને આરોપી વચ્ચે ખેંચાખેંચ થયેલી હોય તો ભોગબનનારના હાથે ઈજા થાય પરંતું ભોગબનનારના હાથે કોઈ ઈજા થયેલ હોય તેવો કોઈ પુરાવો નથી. વધુમાં, ભોગબનનારની જુબાનીમાં ભોગબનનારનો પેન્ટ આરોપીએ કાઢેલ હોવાનું જણાવેલ છે પરંતું આવી કોઈ હકીકત ભોગબનનારે લખાવેલી ફરીયાદમાં નથી. જેથી, ભોગબનનારની જુબાની વિશ્વસનીય નથી. વધુમાં, ભોગબનનારની જુબાની મુજબ તેણીએ બુમ પાડતા તેણીના કાકાના છોકરાઓએ મોટર સાઈકલ ઉભુ રાખેલ અને એક કાકાના છોકરો આરોપીને

પકડવા દોડેલ પરંતું પકડાયેલ ના હોવાનું જણાવે છે પરંતું તેણીના કાકાના છોકરાએ તેમની જુબાનીમાં આ હકીકતને સમર્થન કરેલ નથી. જેથી ભોગબનનારની જુબાની વિશ્વસનીય નથી. વધુમાં તેમની દલીલ એવી છે કે, ભોગબનનાર તે દિવસે શાળાએ ગયેલી હોય અને રજા ચીઠ્ઠી આપેલી હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી કે બસનો પાસ લેવા ગયેલ હોય તે બતાવવા કોઈ પાસ કબજે કરેલ નથી કે ભોગબનનાર બસમાં હતી કે નહી તે અંગે બસના કંડક્ટર કે ડ્રાયવરનો જવાબ લીધેલ નથી. જેથી, ભોગબનનારની જુબાની વિશ્વસનીય નથી અને તેથી તેની જુબાની ઉપર આધાર રાખી શકાય નહીં.

**૧૨.૪** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનારના પિતાની જુબાની મુજબ તેમના ભાઈની પત્નીએ તેમને બનાવની હકીકત જણાવેલી હોવાનું જણાવે છે પરંતું તેમના ભાઈની પત્નીને સાહેદ તરીકે તપાસેલા નથી. વધુમાં, ભોગબનનારની જુબાની મુજબ તેણીએ તેના માતા-પિતાને બનાવની વાત કરેલી જયારે ભોગબનનારના માતાની જુબાની મુજબ તેણીને દૂધની ડેરીએથી બનાવની વાત જાણેલ હોવાનું જણાવે છે. વધુમાં, ભોગબનનારના કાકાના છોકરાની જુબાની જોવામાં આવે તો ભોગબનનારનું નામ તે જણાવતો નથી પરંતું અન્ય કોઈ છોકરીનું નામ જણાવે છે. જેથી, ફરીયાદ પક્ષનો પુરાવો વિશ્વસનીય જણાતો નથી.

**૧૨.૫** તેમની વધુમાં દલીલ એવી છે કે, ફરીયાદ પક્ષનો પુરાવો વિશ્વસનીય ના હોય આરોપી સામેનો કેસ શંકારહીતપણે પુરવાર થઈ શકતો નથી અને તેથી આરોપીને છોડી મુકવો જોઈએ.

**૧૩.** સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**<u>મુદ્દા :-</u>**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ વખતે ભોગબનનાર અઢાર વર્ષ કરતાં ઓછી ઉંમરના હતા?

૨. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૨/૧૨/૨૫ ના રોજ સાંજના છ એક વાગ્યાના સુમારે બસ સ્ટેન્ડથી ગામમાં જવાની રસ્તાની બાજુમાં ભોગબનનાર ઉ.વ.૧૫ વર્ષ, ૯ માસનાનીને જાતિય ઈરાદાઓથી બોલાવી ત્યારબાદ તેનો હાથ પકડી રોડની બાજુમાં ખાડામાં ખેંચી લઇ જઇ ભોગબનનારના શરીર ઉપર પહેરેલ કપડા કાઢી, નીચે સુવડાવી દઇ આરોપીએ પોતાનું પહેરેલ અડધુ પેન્ટ કાઢી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૫(૧)(આઇ) સાથે વાંચતા કલમ ૭૫(૨), ૭૬ તથા પોકસો એકટની કલમ-૮, ૧૨ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ ૩(૧)(ડબલ્યુ)(૧)(૩), ૩(૨)(૫-એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૩. શું હુકમ ?

**૧૪.** ઉપરોકત મુદા પરત્વેના નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. અંશત: હકારમાં. (ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૫(૧)(આઇ) સાથે વાંચતા કલમ ૭૫(૨), ૭૬ માટે 'હકારમાં', જયારે પોકસો એકટની કલમ-૮, ૧૨ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ ૩(૧)(ડબલ્યુ)(૧)(૩), ૩(૨)(૫-એ) માટે 'નકારમાં')

૩. આખરી હુકમ મુજબ

## <u>-:: કારણો ::-</u>

**<u>મુદ્દા નં. ૧ :-</u>**

**૧૫.** ફરીયાદ પક્ષના સાહેદ, આચાર્ય, ચેતનકુમાર હરીદાસ પટેલ (PW-10, Exh.-25)ની જુબાની મુજબ ભોગબનનારને ધોરણ-૧૦ માં તેમની શાળામાં પ્રવેશ આપવામાં આવેલો અને તેમની શાળાના જનરલ રજીસ્ટરમાં ભોગબનનારની જન્મ તા.૨૮/૨/૨૦૧૦ નોંધવામાં આવેલી છે. તેમની જુબાનીમાં આંક-૨૫થી જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ, આંક-૨૬

થી જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ, આંક-૨૭ થી ભોગબનનારની અગાઉની શાળાના એલ.સી.ની ખરી નકલ, આંક-૨૮ શાળા છોડયાનુ પ્રમાણપત્ર, આંક-૨૯ થી યાદી, આંક-૩૦ થી જન્મ તારીખનો દાખલો, આંક-૩૧થી પત્ર રજુ કરેલ છે. તેમની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે, તેમની શાળામાં પ્રવેશ આપ્યો તે પહેલા ભોગબનનાર બીજી શાળામાં ભણતા હતાં અને અગાઉની શાળાના એલ.સી.ના આધારે ભોગબનનારને પ્રવેશ આપવામાં આવેલો હતો અને ભોગબનનારને પ્રવેશ આપતી વખતે ભોગબનનારની જન્મ તારીખના પુરાવા તરીકે અગાઉની શાળાના એલ. સી. સિવાય અન્ય કોઈ પુરાવો લીધેલ ન હતો. આમ, આ સાહેદની સમગ્ર જુબાની જોતાં ભોગબનનારને તેમની શાળામાં પ્રવેશ આપવામાં આવેલ ત્યારે ભોગબનનારની જન્મ તારીખ અગાઉની શાળાના એલ. સી.ના આધારે લખવામાં આવેલી હતી અને તે સિવાય જન્મ તારીખ સંબંધે અન્ય કોઈ પુરાવો લીધેલો નથી. જેથી, આ સાહેદની જુબાની જોતાં તેમની શાળાના રેકર્ડમાં ભોગબનનારની જન્મ તારીખ અગાઉની શાળાના એલ. સી. મુજબ જન્મ તારીખ લખાયેલી હોવાનું જણાઈ આવે છે.

**૧૬.** ફરીયાદ પક્ષના સાહેદ, આચાર્ય, રંગીતભાઇ ધુળાભાઈ બારીઆ (PW-12, Exh.-39)ની જુબાની મુજબ ભોગબનનારના પિતાએ આપેલી માહીતીના આધારે વાલી સર્ટી (પ્રવેશ ફોર્મ)માં વિગત ભરવામાં આવેલી અને ભોગબનનારની જન્મ તા.૨૮/૨/૨૦૧૦ લખવામાં આવેલી અને ભોગબનનારને ધોરણ–૧ માં તેમની શાળામાં પ્રવેશ આપવામાં આવેલો અને તેમની શાળાના જનરલ રજીસ્ટરમાં ભોગબનનારની જન્મ તા. ૨૮/૨/૨૦૧૦ નોંધવામાં આવેલી છે. તેમની જુબાનીમાં આંક-૪૦ થી જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ, આંક-૪૧ થી પ્રવેશ ફોર્મ રજુ કરેલ છે. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે, ભોગબનનારના વાલી અભણ હતાં અને તેમને અંગુઠો કરેલો હતો અને ભોગબનનારના વાલી અભણ હોય પ્રવેશ ફોર્મની વિગત તેમના સ્ટાફે ભરેલી અને પ્રવેશ વખતે ભોગબનનારનો જન્મનો દાખલો લીધેલો નહી અને ભોગબનનારના વાલીએ આશરે જન્મ તારીખ લખાવેલી. આમ, આ સાહેદની

સમગ્ર જુબાની જોવામાં આવે તો ભોગબનનારના વાલી અભણ હતા અને ભોગબનનારને શાળા પ્રવેશ વખતે ભોગબનનારના જન્મનો દાખલો રજુ થયેલો નથી અને ભોગબનનારના વાલીએ આશરે લખાવેલી જન્મ તારીખના આધારે ભોગબનનારની જન્મ તારીખ લખવામાં આવેલી હોવાનું જણાઈ આવે છે.

**૧૭.** ભોગબનનાર (PW-1, Exh-8) ની જુબાની જોવામાં આવે તો તેમને તેણીની જન્મ તારીખ ૨૮/૨/૨૦૧૦ ની હોવાનુ જણાવેલ છે ભોગબનનારની જન્મ તારીખના પુરાવા માટે ભોગબનનારની જુબાની મહત્ત્વની નથી કારણ કે ભોગબનનારનો જ્યારે જન્મ થયેલ હોય ત્યારે તે એટલી સભાનતા ધરાવતા ના હોય કે તેના જન્મની તારીખની તેણીને જાણ હોય. જેથી ભોગબનનારની જન્મ તારીખ બાબતે ભોગબનનારની જુબાની મહત્ત્વની નથી પરંતું ભોગબનનારના માતા–પિતાની જુબાની મહત્ત્વની હોય છે.

**૧૮.** ભોગબનનારના પિતા (PW-6, Exh-19) તથા ભોગબનનારની માતા (PW-7, Exh-20) જુબાની જોવામાં આવે તો ભોગબનનાર તેમનું ચોથા નંબરનું બાળક છે અને ભોગબનનારની જન્મ તારીખ તેમને ખબર ના હોવાનું જણાવે છે. ભોગબનનારની બનાવ સમયે ઉંમર ૧૫ વર્ષની ઉપરની હોવાનુ જણાવેલ છે. પરંતું, ભોગબનનારના પિતાની ઉલટતપાસ જોવામાં આવે તો તેમના લગ્ન આશરે ત્રીસેક વર્ષ પહેલા થયેલા હોવાનું અને લગ્નના એક વર્ષ પછી પહેલા બાળકનો જન્મ થયેલ હોવાનું અને તેમના બાળકોનો જન્મ એક એક વર્ષના અંતરે થયેલ હોવાનું જણાવે છે. આમ, ભોગબનનારના માતા–પિતાની જુબાની જોવામાં આવે તો ભોગબનનારની જન્મ તારીખ તેમને ખબર ના હોવાનું જણાવે છે અને ભોગબનનારની ઉંમર ૧૫ વર્ષ ઉપરની હોવાનું જણાવે છે તે જોતાં તે ભોગબનનારની ચોકકસ ઉંમર જણાવતાં નથી પરંતું ૧૫ વર્ષ ઉપરની હોવાનું જણાવે છે તે જોતાં તેઓ ભોગબનનારની આશરે જન્મ તારીખ લખાવતા હોવાનું જણાય છે. વધુમાં, ભોગબનનારના પિતાની ઉલટતપાસ જોતાં તેમના લગ્ન ત્રીસ વર્ષ પહેલા થયેલા હોય અને એક વર્ષના અંતરે એક એક બાળકનો જન્મ થયેલો હોય તો તે મુજબ ભોગબનનાર બનાવ

વખતે પુખ્ત વયના હોવાનું જણાય છે.

**૧૯.** આમ, ભોગબનનારની ઉંમર બાબતે રજુ થયેલ સમગ્ર પુરાવો જોવામાં આવે તો આચાર્ય, ચેતનકુમાર હરીદાસ પટેલ (PW-10, Exh.-25)ની જુબાનીમાં આંક–૨૫થી જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ, આંક-૨૬ થી જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ, આંક-૨૭ થી ભોગબનનારની અગાઉની શાળાના એલ.સી.ની ખરી નકલ, આંક-૨૮ શાળા છોડયાનુ પ્રમાણપત્ર, આંક-૨૯ થી યાદી, આંક-૩૦ થી જન્મ તારીખનો દાખલો રજુ થયેલ છે અને તેમની જુબાની જોતાં તેમની શાળાના રેકર્ડમાં ભોગબનનારની જન્મ તારીખ અગાઉની શાળાના એલ. સી. મુજબ જન્મ તારીખ લખાયેલી હોવાનું જણાઈ આવે છે. ભોગબનનારની અગાઉની શાળાના આચાર્ય રંગીતભાઇ ધુળાભાઇ બારીઆ (PW-12, Exh.-39)ની જુબાનીમાં આંક-૪૦ થી જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ, આંક-૪૧ થી પ્રવેશ ફોર્મ રજુ કરેલ છે અને તેમની જુબાની જોતાં ભોગબનનારને શાળા પ્રવેશ વખતે ભોગબનનારના જન્મનો દાખલો રજુ થયેલો નથી અને ભોગબનનારના વાલીએ આશરે લખાવેલી જન્મ તારીખના આધારે ભોગબનનારની જન્મ તારીખ લખવામાં આવેલી હોવાનું જણાઈ આવે છે. આમ, શાળાના રેકર્ડમાં ભોગબનનારની જન્મ તારીખ લખાવવામાં આવેલી છે તે તેણીના પિતાએ આશરે લખાવેલી છે અને તેથી ભોગબનનારની જન્મ તારીખના પુરાવા માટે શાળાના રેકર્ડમાંથી રજુ થયેલ પુરાવો વિશ્વસનીય પુરાવો ગણી શકાય નહી અને તેથી તેના ઉપર આધાર રાખી શકાય નહીં. વધુમાં, ભોગબનનારના માતા–પિતા ભોગબનનારની જન્મ તારીખ જાણતાં નથી અને તેઓ ભોગબનનારની ઉંમર આશરે લખાવતા હોય તેમ જણાય છે અને ભોગબનનારના પિતાની ઉલટતપાસ જોતાં બનાવ વખતે ભોગબનનાર પુખ્ત વયની હોવાનું જણાય છે અને તેથી ભોગબનનારના માતા–પિતાની જુબાની જોતાં ભોગબનનારની ઉંમર પુરવાર કરવા માટે ભોગબનનારના માતા–પિતાની જુબાની ફરીયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી. ઉલટાનું, ભોગબનનારના પિતાની જુબાની જોતાં બનાવ વખતે ભોગબનનાર પુખ્ત વયની હોવાનું જણાય છે. આમ, ભોગબનનારના માતા–પિતાની જુબાનીથી

ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર પુરવાર થઈ શકતી નથી.

**૨૦.** આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતાં ભોગબનનારની જન્મ તારીખ પુરવાર કરવા માટે દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખી શકાય તેમ નથી અને ભોગબનનારના માતા–પિતાની જુબાની ઉપરથી ભોગબનનારની જન્મ તારીખ પુરવાર થઈ શકતી નથી અને તેથી ફરીયાદ પક્ષ ભોગબનનારની જન્મ તારીખ પુરવાર કરી શકતો નથી. જેથી, બનાવ વખતે ભોગબનનાર સગીર વયની હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૨૧.** આમ, ફરીયાદ પક્ષ એ પુરવાર કરી શકેલ નથી કે, બનાવ વખતે ભોગબનનાર સગીર વયની એટલે કે અઢાર વર્ષ કરતાં ઓછી ઉંમરની હતી. જેથી, મુદ્દા નં. ૧નો જવાબ 'નકારમાં' આપવામાં આવેલ છે.

**<u>મુદ્દા નં. ૨ :–</u>**

**૨૨.૧** ફરીયાદ પક્ષના સાહેદ, ફરીયાદી, ભોગબનનાર (PW-1, Exh-8) ની જુબાની મુજબ તા.૦૨/૧૨/૨૦૨૫ના રોજ તે સવારે તેણીની શાળાએ ગયેલી અને બપોરે તેમના વર્ગ શિક્ષકની રજા લઈ તે તથા તેણીની બહેનપણીઓ શહેરા બસ સ્ટેશન ખાતે પાસ કઢાવવા ગયેલી અને પાસ કઢાવ્યા પછી બસમાં બેસી ગાંગડીયા આવેલી અને ત્યાંથી બીજી બસમાં બેસી તેમના ગામની બસમાં બેસેલી અને બસસ્ટેન્ડે ઉતરેલી. વધુમાં, તેણીની જુબાની મુજબ બસ સ્ટેન્ડથી તેનું ઘર આશરે બે કી. મી. દૂર હોય તે ચાલતી તેના ઘર તરફ જતી હતી ત્યારે આશરે એકાદ કી.મી. ચાલ્યા બાદ તેમના ગામનો મહેશ મોટર સાઈકલ લઈને ઉભો હતો અને મહેશે તેણીને કહેલ કે મારે તારી સાથે સેટીંગ કરવું છે પરંતું તેણીએ ના પાડી ચાલવા લાગેલી તો મહેશ તેણીની પાછળ આવેલો અને તેણીનો હાથ પકડી સાઈડમાં લઈ ગયેલો અને આ બાજુ ચાલ તેમ કહેતો હતો પરંતું ભોગબનનારે ના પાડેલી અને પછી આરોપી જબરજસ્તી તેણીના કપડા કાઢવા લાગેલો અને તેણીનું પેન્ટ કાઢેલું જેથી તેણીએ બુમો પાડતાં રોડ ઉપર બાઈકવાળા જતા હતા તે ઉભા રહી ગયેલા અને તે બાઈકવાળા તેણીના કાકાના છોકરા હતા જેથી મહેશ ત્યાંથી ભાગી

ગયેલો. વધુમાં, તેણીની જુબાની મુજબ તેણીના કાકાનો છોકરો 'વી' મહેશને પડકવા ગયેલો હતો પરંતું તે પકડાયેલ ન હતો અને તેણીના કાકાનો છોકરો 'એમ' તેણીને ઘરે મુકવા આવેલો. વધુમાં તેણીની જુબાની મુજબ તેણીએ ઘરે જઈને તેણીના મમ્મીને વાત કરેલી અને ત્યારબાદ તેણીના પપ્પા અને કાકી સાથે તે પોલીસ સ્ટેશન ગયેલા અને તેણીએ ફરીયાદ આપેલી. વધુમાં તેણીની જુબાની મુજબ બનાવના દિવસે જ રાત્રીના ૮:૦૦ વાગે પોલીસ સ્ટેશન ગયેલા. વધુમાં તેમની જુબાની મુજબ પોલીસ તેણીને જગ્યા જોવા માટે લઈ ગયેલી અને શહેરા કોર્ટમાં જવાબ લખાવવા લઈ ગયેલી અને ત્યાં તેણીએ જવાબ લખાવેલો. તેમની જુબાનીમાં આંક–૯ થી ફરીયાદ અને આંક–૧૦થી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૧૮૩ અન્વયે નોંધવામાં આવેલ નિવેદન રજુ કરેલ છે. આ સાહેદ તેણીની જુબાનીમાં આરોપીને ઓળખી બતાવે છે.

**૨૨.૨** ભોગબનનાર (PW-1, Exh-8) ની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે, તેણીની ધોરણ–૧૧માં ભણતી હોવાનો પુરાવો કે પાસની નકલ પોલીસને આપેલી નથી. પરંતું, ભોગબનનાર સાથે બનેલ બનાવ પુરવાર કરવા માટે આ પુરાવો ખાસ મહત્ત્વ ધરાવતો નથી કારણ કે ભોગબનનાર ભણતી હતી કે નહી? અને ભોગબનનાર પાસ કઢાવવા ગયેલી કે નહી? તે મહત્ત્વની હકીકત નથી. ભોગબનનાર બનાવ સમયે બનાવવાળી જગ્યાએ હતી કે નહી? તે મહત્ત્વની હકીકત છે. વળી, આરોપી તરફે એવી કોઈ તકરાર જ રહેલી નથી કે ભોગબનનાર ભણવા જતી નથી અને તે બસમાં જતી આવતી નથી. ભોગબનનારની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં આરોપી તરફથી એવુ સુચન કરવામાં આવેલ છે કે, ભોગબનનાર અને આરોપી રોડની બાજુમાં ઉભા રહી માત્ર વાતો કરતા હતાં પરંતું તેણીના કાકાના છોકરાઓ જોઈ ગયેલા. આરોપી તરફેનું આ સુચન જોતાં જ એ ફલીત થાય છે કે બનાવ સમયે બનાવવાળા સ્થળે આરોપી અને ભોગબનનાર હાજર હતાં તે હકીકત બિનતકરારી બની રહે છે. વધુમાં, ભોગબનનારની બનાવવાળા સ્થળે ભોગબનનારની હાજરીને અન્ય સાહેદોના પુરાવાથી પણ સમર્થન મળે છે. આમ, બનાવ સમય બનાવવાળા સ્થળે

ભોગબનનારની હાજરી જણાઈ આવતી હોય ત્યારે ભોગબનનાર શાળામાં ભણવા જતી હતી તેનો પુરાવો અને તેના પાસની નકલ પોલીસને આપેલ ના હોવાથી ભોગબનનારની જુબાની શંકાસ્પદ બનતી નથી.

**૨૨.૩** ભોગબનનાર (PW-1, Exh-8)ની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે, બનાવવાળી જગ્યાની એક બાજુએ બસ સ્ટેન્ડ આવેલ છે અને બીજી બાજુએ વણકાર વાસ જવાનો રસ્તો છે. ગામ તરફ જવાના રસ્તા ઉપર વાહનોની અવર જવર રહે છે. તેણીને ખેંચીને લઈ ગયેલ ત્યારે તેણીને કોઈ ઈજા થયેલી નથી. પરંતુ, તેમની ઉલટતપાસમાં નીકળી આવેલી આ હકીકત ભોગબનનારે સરતપાસમાં જણાવેલી હકીકતને શંકાસ્પદ બનાવતી નથી.

**૨૨.૪** ભોગબનનાર (PW-1, Exh-8)ની સમગ્ર જુબાની જોતાં ભોગબનનારની જુબાનીને આંક-૦૯ની ફરીયાદથી સમર્થન મળે છે. આમ, ભોગબનનારની જુબાની જોતાં જણાઈ આવે છે કે, ભોગબનનાર તેમના ગામના બસસ્ટેન્ડથી તેણી ઘરે ચાલતી જતી હતી ત્યારે રસ્તામાં આરોપી ઉભો હતો અને તેણીએ ભોગબનનારને આ બાજુ ચાલ અને ભોગબનનારે ના પાડતાં આરોપી તેણીનો હાથ પકડી રોડની સાઈડમાં લઈ ગયેલ અને ત્યાં તેણીના કપડા કાઢવા લાગેલો અને તેણીનો પેન્ટ કાઢેલો અને તેણીએ બુમો પાડતાં રસ્તા ઉપરથી બાઈક લઈને તેણીના કાકાના છોકરાઓ 'વી' અને 'એમ' જતા હતાં તેઓ ઉભા રહેલા અને આરોપી ત્યાંથી ભાગી ગયેલો અને તેણીના કાકાનો છોકરો 'વી' આરોપીને પકડવા ગયેલો પરંતુ પકડાયેલ નહી અને ત્યારબાદ તેણીના કાકાનો છોકરો 'એમ' તેણીને ઘરે મુકી ગયેલો.

**૨૩.** ભોગબનનારનું વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ રૂબરૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૧૮૩ અન્વયે નોંધવામાં આવેલ નિવેદન જોવામાં આવે તો તેમાં ભોગબનનારના લખાવ્યા મુજબ તા.૨/૧૨/૨૦૨૫ના રોજ બસમાંથી ઉતરીને ચાલતા ઘરે જતી હતી ત્યારે મહેશકુમાર પર્વતભાઈ પટેલીયાનાઓ રસ્તામાં ઉભો હતો અને કહેલ કે મારે તારી જોડે સેટીંગ કરવું છે પરંતુ ભોગબનનારે ના પાડેલી અને આગળ ચાલવા લાગેલી તે વખતે મહેશે

પાછળથી આવી તેણીનો હાથ પકડીને રોડની સાઈડમાં લઈ ગયેલો અને ત્યાં તેણીના કપડા ઉતારવા લાગેલો તેટલામાં તેણીએ બુમો પાડતા બાઈકવાળા ઉભા રહેલા જેથી મહેશ ભાગી ગયેલો અને બાઈકવાળા તેણીના કાકાના છોકરા હોય તેણીને ઘરે મુકી ગયેલા અને તેણીએ તેણીના માતા-પિતાને વાત કરેલી. આમ, ભોગબનનારે તેના આંક-૧૦ના નિવેદનમાં લખાવેલી હકીકતો અને તેણીની જુબાનીમાં લખાવેલી હકીકતોમાં સામ્યતા રહેલી છે અને તેથી આંક-૧૦ના નિવેદનથી ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે.

**૨૪.** ફરીયાદ પક્ષના સાહેદ ભોગબનનાર પિતા (PW-6, Exh-19) ની જુબાની મુજબ બનાવ વખતે ભોગબનનાર ધોરણ-૧૧માં ભણતી હતી અને બનાવના દિવસે સવારે ભોગબનનાર શાળાએ ગયેલી હતી અને સાંજે સાડા છ-પોણા સાત વાગે ઘરે આવેલી તે વખતે તેણીની સાથે તેમનો ભત્રીજો 'એમ' હતો. વધુમાં, તેમની જુબાની મુજબ ભોગબનનાર ગભરાયેલી હતી પરંતુ તેણીએ કાંઈ કહેલ નહી અને ત્યારબાદ તેણીના ભાઈની પત્નીએ વાત કરેલી કે મહેશે ભોગબનનારને મનુભાઈના ખેતરના શેઢે પકડેલી હતી અને ત્યારબાદ તેમણે ૧૧૨ નંબરની મોબાઈલ બોલાવી શહેરા પોલીસ સ્ટેશન ગયેલા અને ફરીયાદ આપવા પ્રયત્ન કરેલ પરંતુ તેમની ફરીયાદ લીધેલી નહી અને આખી રાત બેસાડી રાખેલ અને ત્યારબાદ બીજા દિવસે સવારે ૧૧-૧૨ વાગે ભોગબનનાર પાસે ફરીયાદ અપાવેલી. વધુમાં, તેમની જુબાની મુજબ પોલીસ ભોગબનનારને લઈ ગયેલી અને ભોગબનનારનો જવાબ લખાવવા શહેરા કોર્ટમાં લઈ ગયેલી. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે બનાવની તેમને જાત માહીતી નથી. આ સિવાય તેમની ઉલટતપાસમાં કોઈ ખાસ મહત્ત્વની હકીકત નીકળી આવતી નથી કે જેથી તેમની જુબાની શંકાસ્પદ બને. આમ, ભોગબનનારના પિતાની જુબાની જોતાં તેમને બનાવ નજરે જોયેલ ના હોવાનું જણાઈ આવે છે જેથી બનાવની હકીકતો પુરવાર કરવા માટે તેમની જુબાની સીધી રીતે ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેમ નથી. તેમ છતાં, ભોગબનનારના પિતાની સમગ્ર જુબાની જોતાં જણાઈ છે કે, ભોગબનનાર સવારે શાળાએ ગયેલી અને સાંજે

ઘરે પરત આવી ત્યારે સાથે ભોગબનનારના કાકાનો છોકરો 'એમ' હતો અને ભોગબનનાર ગભરાયેલી હતી અને ભોગબનનારના કાકીએ જણાવેલ કે આરોપીએ ભોગબનનારનો હાથ પકડેલ હતો. આમ, ભોગબનનાર સવારે શાળાએ ગયેલી અને ભોગબનનારને તેના કાકાનો છોકરો 'એમ' ઘરે મુકવા આવેલ તેવી ભોગબનનારની જુબાનીને ભોગબનનારના પિતાની જુબાનીથી સમર્થન મળે છે.

**૨૫.** ફરીયાદ પક્ષના સાહેદ ભોગબનનાર માતા (PW-7, Exh-20) ની જુબાની મુજબ બનાવના દિવસે ભોગબનનાર સવારે સાત વાગે શાળાએ ભણવા જતી હતી અને સાંજે પાંચ વાગે ઘરે પરત આવતી હતી. વધુમાં, તેમની જુબાની મુજબ ભોગબનનાર નિશાળે જતી હતી તે વખતે મહેશે રસ્તામાં ભોગબનનારનો હાથ પકડેલો તેવું ડેરીમાં દૂધ ભરવા ગયેલી તે વખતે ફળીયાના માણસોએ મને જણાવેલ હતું અને ભોગબનનારને પુછતાં નિશાળે જતી હતી ત્યારે મહેશે હાથ પકડેલો તેવું જણાવેલ. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે ભોગબનનાર સાથે બનેલ બનાવ તેણીએ નજરે નજર જોયેલ નથી. આમ, ભોગબનનારના માતાની જુબાની જોતાં તે બનાવના નજરે જોનાર સાહેદ નથી અને તેથી બનાવની હકીકતો પુરવાર કરવા માટે તેમની જુબાની ઉપર આધાર રાખી શકાય નહીં. જેથી, ભોગબનનાર નિશાળે જતી હતી ત્યારે આરોપીએ ભોગબનનારનો હાથ પકડેલ હતો તેવી વાત તેણીએ ડેરીમાં દૂધ ભરવા આવતાં માણસોથી જાણેલી હતી. તેમની આ જુબાની જોતાં તેમનો આ પુરાવો સાંભળેલ પુરાવો છે અને તેથી તેમની જુબાની ભોગબનનારની જુબાનીથી મહત્ત્વની નથી અને તેથી ભોગબનનારની જુબાનીને તે શંકાસ્પદ બનાવી શકે નહીં.

**૨૬.** ફરીયાદ પક્ષના સાહેદ ભોગબનનાર કાકાનો છોકરો 'વી' (PW-8, Exh-21) ની જુબાની મુજબ બનાવના દિવસે તે સાંજના સાતેક વાગે તે અને ભોગબનનારનો ભાઈ 'એમ' તેમની મોટર સાઈકલ લઈને તેમના ગામની દૂધની ડેરીએ દૂધ ભરવા જતા હતાં તે વખતે મનુભાઈ ભેમાભાઈના ખેતર પાસે થઈ રોડ ઉપર જતા હતા તે વખતે ભોગબનનારે બૂમ પડેલી જેથી તેમને

બાઈક ઉભી રાખેલી અને તે વખતે ભોગબનનાર રોડ ઉપર આવેલ અને એક છોકરો તેની સાથે હતો જે અંધારૂ થઈ ગયેલ હોય ઓળખાયેલ નહી. વધુમાં, તેમની જુબાની મુજબ ભોગબનનારના કાકાનો છોકરો 'એમ' નીચે ઉતરીને જોવા ગયેલો હતો. ભોગબનનારનો ભાઈ 'એમ' મારૂ મોટર સાઈકલ લઈને ભોગબનનારને ઘરે મુકી આવેલો અને તે પાછો આવ્યા પછી તેઓ દૂધ ભરાવવા ગયેલા અને ઘરે ગયેલા ત્યારે ફળીયાના માણસો ભેગા થઈ ગયેલા હતાં અને અને તે વખતે જાણેલ કે ભોગબનનાર સાથે જે છોકરો હતો તે મહેશભાઈ પર્વતભાઈ હતો અને તેને હાથ પકડેલો. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે બનાવવાળી જગ્યાએ ખાડો છે અને ઝાડી ઝાંખરા આવેલા છે. વધુમાં તે કબુલ રાખે છે કે તેને બુમો સાંભળી ત્યારે બાઈક લઈને થોડો આગળ નીકળી ગયેલો. ભોગબનનારે તેમને બનાવ વિશે કોઈ વાત કરેલી નહી. આ સિવાય આ સાહેદની ઉલટતપાસમાં કોઈ મહત્ત્વની હકીકત નીકળી આવેલી નથી. આમ, આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તેમની સરતપાસમાં જણાવેલી હકીકતોને શંકાસ્પદ બનાવે તેવી કોઈ હકીકત નીકળી આવેલી નથી. આમ, આ સાહેદની જુબાની જોતાં જણાઈ આવે છે કે, બનાવના દિવસે સાંજે સાતેક વાગે તે અને તેમના કાકાનો છોકરો 'એમ' ડેરીએ દૂધ ભરાવા જતા હતા ત્યારે મનુભાઈ ભેમાભાઈના ખેતર પાસે તેમના કાકાની છોકરી ભોગબનનારે બુમ પાડેલી અને તેમને બાઈક ઉભી રાખતા ભોગબનનાર રોડ ઉપર આવેલી અને ત્યાં એક છોકરો હતો અને તેમના કાકાનો છોકરો 'એમ' નીચે જોવા ગયેલો અને ત્યારબાદ તેમના કાકાનો છોકરો 'એમ' ભોગબનનારને ઘરે મુકીને આવેલો અને ત્યારબાદ તેઓ દૂધ ભરાવી ઘરે ગયેલા ત્યારે ફળીયાના માણસો ભેગા થઈ ગયેલા હતા અને જાણેલું કે આરોપીએ ભોગબનનારનો હાથ પકડેલો. આમ, આરોપી ભોગબનનારને રોડની સાઈડ પર લઈ ગયેલ તે વખતે તેણીએ બુમો પાડતા મોટર સાઈકલવાળા ઉભા રહેલા અને તે તેમના કાકાના છોકરા 'એમ' અને 'વી' હતા અને કાકાનો છોકરો 'એમ' તેણીને ઘરે મુકી ગયેલ તેવી ભોગબનનારની જુબાનીને આ સાહેદની જુબાનીથી સમર્થન મળે છે. આ સાહેદ તેમની

જુબાનીમાં તે આરોપીને પકડવા દોડેલ હોવાનો ઈન્કાર કરે છે. આમ, તેમના કાકાનો છોકરો 'વી' આરોપીને પકડવા દોડેલ પરંતું પકડાયેલ નહી તેવી ભોગબનનારની જુબાનીથી વિરૂધ્ધની હકીકત આ સાહેદની જુબાનીમાં નીકળી આવે છે. પરંતું, તેટલા માત્રથી ભોગબનનારની સમગ્ર જુબાની શંકાસ્પદ બની જતી નથી. કારણ કે, ઉપર ચર્ચા કર્યા મુજબ આ સાહેદની જુબાનીથી જ ઘણી બાબતોમાં ભોગબનનારની જુબાનીને સમર્થન મળેલું છે.

**૨૭.** ફરીયાદ પક્ષના સાહેદ ભોગબનનાર કાકાનો છોકરો 'એમ' (PW-9, Exh-23) ની જુબાની મુજબ બનાવના દિવસે તે તથા તેમના કાકાનો છોકરો 'વી' સાંજના સાતેક વાગે મોટર સાઈકલ ઉપર દૂધ ભરવા તેમના ગામની ડેરીએ જતા હતા તે વખતે રસ્તામાં છોકરીએ બૂમ પાડેલી જેથી તે થોડા આગળ જઈ ઉભા રહેલા અને જે બાજુથી બુમ આવી તે બાજુ જોવા ગયેલા તે વખતે તેમના કાકાની છોકરી મનીષા હતી અને ત્યાં એક છોકરો હતો તે ભાગી ગયેલો, તે છોકરાને ભાગતા તેમને જોયેલ નહી કે તે પકડવા ગયેલા નહી કે તે છોકરો કોણ હતો તેની તેમને ખબર નથી. વધુમાં, તેમની જુબાની મુજબ તેમના કાકાના છોકરા 'વી' ની મોટર સાઈકલ લઈ તે છોકરીને ઘરે મુકવા ગયેલો અને પછી પાછા કાકાના છોકરા 'વી' જોડે ડેરીએ દૂધ ભરાવા ગયેલો અને ત્યારપછી તે તેમના કાકાના ઘરે જતા છોકરીએ કહેલ કે છોકરો મહેશ હતો અને તેને તેણીને પકડી પાડેલ હતી. આ સાહેદ તેમની જુબાનીમાં ભોગબનનારનું નામ અલગ જણાવે છે તેમજ ભોગબનનારના નામની કોઈ છોકરી તેમના કાકાને ના હોવાનું જણાવે છે. આ સાહેદ ભોગબનનારનું અલગ નામ જણાવી રહેલ છે તે કારણથી ફરીયાદ પક્ષનો સમગ્ર કેસ શંકાસ્પદ બનતો નથી કારણ કે આ સાહેદ સાથે તેમના કાકાનો છોકરો 'વી' હતો અને તે ભોગબનનારનું સાચુ નામ જણાવે છે તેમજ ભોગબનનાર પણ આ સાહેદ સ્થળ ઉપર આવેલાનું જણાવે છે તેમજ તે તેણીને ઘરે મુકવા આવેલ હોવાનું જણાવે છે તેમજ ભોગબનનારના પિતા પણ આ સાહેદ ભોગબનનારને ઘરે મુકવા આવેલ હોવાનું જણાવે છે તેમજ આ સાહેદ ભોગબનનારના પિતાનું સાચુ નામ જણાવે છે આ તમામ સંજોગો ધ્યાને લેતાં આ સાહેદ ભોગબનનારનું અલગ નામ જણાવી રહેલા છે તે કારણથી ફરીયાદ પક્ષનો

કેસ શંકાસ્પદ બનતો નથી. વધુમાં, આ સાહેદની જુબાની જોતાં જણાઈ આવે છે કે, તે અને તેમના કાકાનો છોકરો 'વી' સાંજના સાતેક વાગે ડેરીએ દૂધ ભરાવવા જતા હતા ત્યારે ભોગબનનારે બૂમ પાડેલી અને તે બાજુ જતાં ભોગબનનાર ત્યાં હતી અને તેના કાકાનો છોકરો 'એમ' ભોગબનનારને ઘરે મુકી આવેલો અને ત્યારબાદ તેઓ ડેરીએ દૂધ ભરાવીને ઘરે જતાં ભોગબનનારે તે છોકરો મહેશ હોવાનું જણાવેલ. આમ, ભોગબનનારે બુમો પાડતા મોટર સાઈકલવાળા ઉભા રહેલા અને તે તેમના કાકાના છોકરા 'એમ' અને 'વી' હતા અને કાકાનો છોકરો 'એમ' તેણીને ઘરે મુકી ગયેલ તેવી ભોગબનનારની જુબાનીને આ સાહેદની જુબાનીથી સમર્થન મળે છે.

**૨૮.** ફરીયાદ પક્ષના સાહેદ, ગુનાવાળી જગ્યાના પંચ, વજાભાઈ અભાભાઈ પગી (PW-2, Exh-11) તથા પંચ, જયદીપકુમાર જશવંતભાઈ પગી (PW-3, Exh-13) ની જુબાની જોતાં પોલીસે તેમની પંચનામામા સહી લીધેલી હોવાનુ અને તે સિવાય પંચનામાની હકીકત વિશે જાણતા ન હોવાનું જણાવે છે. આમ, આ પંચસાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી. આ સાહેદની વિ.એ.પી.પી. દ્ધારા કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવેલ નથી. આ સાહેદોની જુબાનીથી આંક-૧૨ના પંચનામાની હકીકતો પુરવાર થઇ શકતી નથી. પરંતું, તપાસ કરનાર અમલદાર બ્રિન્દા બળવંતસિંહ જાડેજા (PW-13, Exh-44) ની જુબાની જોતાં ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતો પુરવાર થાય છે. વધુમાં, ફરીયાદ પક્ષના સાહેદ ભોગબનનારના કાકાના છોકરા 'વી'ની જુબાની જોતાં ગુનાવાળી જગ્યા મનુભાઈ ભેમાભાઈના ખેતરો પાસે આવેલી હોવાની હકીકત નીકળી આવેલી છે અને આંક-૧૨ના પંચનામાની હકીકતોથી સમર્થન મળે છે. પરંતું, ગુનાવાળી જગ્યાએથી કોઈ ખાસ નોંધપાત્ર વસ્તુ મળી આવેલી નથી જેથી આંક-૧૨ના પંચનામાની વિસ્તૃત ચર્ચા કરેલી નથી.

**૨૯.** ફરીયાદ પક્ષના સાહેદ, આરોપીના શરીર સ્થિતિના પંચનામાના પંચ, લક્ષ્મણસિંહ અભેસિંહ પટેલીયા (PW-4, Exh-15) તથા પંચ, અલ્પેશભાઈ

નરવતભાઇ ખાંટ (PW-5, Exh-17) ની જુબાની જોતાં પોલીસે તેમની પંચનામામા સહી લીધેલી હોવાનુ અને તે સિવાય પંચનામાની હકીકત વિશે જાણતા ન હોવાનું જણાવે છે. આમ, આ પંચસાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી. આ સાહેદની વિ.એ.પી.પી. દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત નીકળી આવેલ નથી. આ સાહેદોની જુબાનીથી આંક–૧૬ ના પંચનામાની હકીકતો પુરવાર થઇ શકતી નથી. પરંતું, આ ગુનો પુરવાર કરવા માટે આરોપીની શરીરસ્થિતિ પુરવાર કરવી જરૂરી ના હોય આ પંચનામાની હકીકતો પુરવાર થતી ના હોય તો પણ તેનાથી ફરીયાદ પક્ષના કેસને કોઈ અસર થતી નથી.

**૩૦.** ફરીયાદ પક્ષના સાહેદ, તપાસ કરનાર અમલદાર, બ્રિન્દા બળવંતસિંહ જાડેજા (PW-13, Exh-44) ની જુબાની મુજબ તેમણે તપાસ સંભાળી ભોગબનનારનુ વિશેષ નિવેદન નોંધેલ, ફરીયાદી/ભોગબનનારે બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું પંચોની હાજરીમાં કરેલ, ભોગબનનારના અનુસુચિત જાતિના દાખલાની ખરાઈ કરવા તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત શહેરાને યાદી કરેલ, સ્થાનિક પોલીસ આરોપીને હસ્તગત કરી તેમની કચેરીમા રજુ કરતા આરોપીનો કબજો સંભાળી તેનુ નિવેદન નોંધેલ, આરોપીના શરીર સ્થિતિનું પંચનામું પંચોની હાજરીમાં કરેલ, ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન લેવડાવવા એડી.ચીફ કોર્ટ, શહેરાને યાદી કરેલ, ભોગબનનારનો જન્મનો દાખલો મેળવવા પી.આઈ.,શહેરાને યાદી કરેલ, તલાટી–કમ–મંત્રી તથા આચાર્યશ્રીને ભોગબનનારના જન્મ અંગેના પુરાવા આપવા યાદી કરેલ, ભોગબનનારની બહેનપણીઓ અને સાહેદોના નિવેદન નોંધેલ, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ દાખલ કરેલ. આ સાહેદની જુબાનીમાં આંક–૪૫થી ૫૪ સુધીના દસ્તાવેજો રજુ કરેલા છે. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે ભોગબનનાર ધોરણ–૧૧માં ભણતી હતી તે બાબતનો પુરાવો તથા રજા ચીઠ્ઠી કે પાસ મેળવેલ નથી કે એસ. ટી. બસના કર્મચારીનું નિવેદન લીધેલ નથી. અગાઉ ચર્ચા કરી તે મુજબ હાલનો કેસ પુરવાર કરવા માટે બનાવ

સમયે અને બનાવ સ્થળે ભોગબનનાર હાજર હતી કે નહી? તે મહત્ત્વની હકીકત છે. ભોગબનનાર ધોરણ – ૧૧માં ભણતી હતી કે નહી? અને રજા લીધેલી કે નહી? તે મહત્ત્વની હકીકત નથી. જેથી, ભોગબનનાર ધોરણ–૧૧માં ભણતી હોવા બાબતનો કે શાળામાંથી રજા લીધેલી હતી તે બાબતનો કે પાસ લેવા ગયેલા હોવા બાબતનો કોઈ પુરાવો મેળવેલ ના હોવાથી ફરીયાદ પુરતો પુરાવો મેળવેલ ના હોવાનું કહી શકાય નહીં. વધુમાં, આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં બીજી કોઈ ખાસ મહત્ત્વની હકીકતો નીકળી આવતી નથી.

**૩૧.** ફરીયાદ પક્ષના સાહેદ અંકુર બાબુભાઈ ચૌધરી (PW-14, Exh-55) ની જુબાની મુજબ તા.૦૩/૧૨/૨૦૨૫ના રોજ તે શહેરા પોલીસ સ્ટેશને પી.આઈ. તરીકે ફરજ ઉપર હતા ત્યારે ફરીયાદીએ તેમના રૂબરૂ આવી ફરીયાદ આપતા ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલ અને ગુનો રજીસ્ટર કરવા પી.એસ.ઓ. તરફ મોકલેલ અને પી.એસ.ઓ.એ. ગુનો નોંધી ડેપ્યુટ હુકમ, સુચિપત્ર તથા ભારે ગુનાનો રીપોર્ટ તૈયાર કરી આગળની તપાસ ના.પો.અધિ. શ્રી એસ.સી.એસ.ટી.સેલ ગોધરા તરફ મોકલી આપેલ. આ સાહેદની જુબાની દરમ્યાન આંક–૫૬ થી ડેપ્યુટ હુકમ, આંક–૫૭ થી ફેકસ મેસેજ, આંક–૫૮ થી સુચિપત્ર રજુ કરેલ છે. આ સાહેદની જુબાની જોતાં તેમને ફરીયાદીની ફરીયાદ લખી લેવા સિવાય બીજી કોઈ કામગીરી કરેલી નથી અને તેમની ઉલટતપાસમાં બીજી કોઈ મહત્ત્વની હકીકત નીકળી આવતી નથી જેથી તેમની જુબાનીની વિસ્તૃત ચર્ચા કરવી જરૂરી ના હોય તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી નથી.

**૩૨.** આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતાં ભોગબનનારની જુબાની જોતાં જણાઈ આવે છે કે, તેણીની બસસ્ટેશને ઉતરી ચાલતી ઘરે જતી હતી ત્યારે રસ્તામાં આરોપી ઉભો હતો અને આરોપીએ ભોગબનનારને હાથ પકડી રોડની સાઈડ ઉપર લઈ જઈ તેણીના કપડા કાઢવા લાગેલો અને તેણીનું પેન્ટ કાઢી નાંખેલ અને તેણીએ બુમો પાડતાં મોટર સાઈકલવાળા જતા હતાં તેઓ ઉભા રહેલા જેથી આરોપી ત્યાંથી ભાગી ગયેલો અને બાઈકવાળા તેણીના

કાકાના છોકરાઓ હોય તે ભોગબનનારને ઘરે મુકી આવેલ. ભોગબનનારે વિ. જયુડીશ્યલ રૂબરૂ લખાવેલ નિવેદનમાં પણ આ હકીકતો લખાવેલી છે. તે જ રીતે ભોગબનનારે આપેલ આંક–૯ની ફરીયાદમાં પણ આ જ હકીકતો લખાવેલી છે. જેથી, ભોગબનનારની જુબાની તથા તેણીના આંક–૧૦ ના નિવેદનમાં અને આંક–૯ની ફરીયાદમાં એકધારાપણુ જણાય છે અને તેથી આંક–૯ની ફરીયાદ અને આંક–૧૦ના નિવેદનથી ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે. વધુમાં, ભોગબનનારના કાકાના છોકરાઓ 'એમ' અને 'વી'ની જુબાની જોવામાં આવે તો તેઓ દૂધ ભરવા જતા હતા ત્યારે ભોગબનનારે બૂમ પાડેલી હોવાની હકીકતને તેઓ સમર્થન કરે છે તેમજ ભોગબનનાર સાથે આરોપી હતો તેવુ જણાવતાં નથી પરંતું ભોગબનનાર સાથે એક છોકરો હતો તે હકીકતને સમર્થન કરે છે. જેથી, ભોગબનનારની જુબાની વિશ્વસનીય જણાય છે. વધુમાં, તેણીને તેણીના કાકાનો છોકરો 'એમ' ઘરે મુકી ગયેલ તે હકીકતને ભોગબનનારના કાકાના છોકરાઓની જુબાની તથા ભોગબનનારના પિતાની જુબાનીથી સમર્થન મળે છે. વધુમાં, ભોગબનનારના કાકાના છોકરાઓની જુબાનીમાં એ હકીકત પણ નીકળી આવે છે કે તેઓ ડેરીએ દૂધ ભરાવી ઘરે ગયેલા ત્યારે ફળીયાના માણસો ભેગા થઈ ગયેલા હતાં. આ હકીકત કોઈ બનાવ બનેલ હોવાની હકીકતને સમર્થન કરે છે, જો કોઈ બનાવ બનેલ ના હોત તો ફળીયાના માણસો ભેગા થયેલા ના હોત અને તેથી ભોગબનનાર જે બનાવની વાત કરી રહેલા છે તેવો કોઈ બનાવ બનેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. જેથી, ભોગબનનારની જુબાની વિશ્વસનીય જણાય છે.

**33.** આરોપી તરફે ભોગબનનારની ઉલટતપાસમાં એવો બચાવ લીધેલ છે કે, ભોગબનનારની મોટી બહેનના લગ્ન પહેલા મહેશ સાથે તેણીને પ્રેમ સંબંધ હતો અને તે વાતની તેણીના કાકાના છોકરાને ખબર પડી ગયેલી. તેમજ, મારા કાકાના છોકરાઓએ મહેશને માર મારેલ હોય જેથી મહેશ પોલીસ ફરીયાદ ના કરે તેથી મારી પાસે ખોટી ફરીયાદ કરાવેલી છે અને આરોપીને મારી મોટી બહેન સાથે પ્રેમસંબંધ હોય તેની અદાવત રાખી મારા પિતાએ મારી પાસે આ ખોટી ફરીયાદ કરાવેલ છે. પરંતું, આરોપી તરફેના આ

સુચનોનો ભોગબનનારે સ્વીકાર કરેલ નથી. વધુમાં, ભોગબનનારની મોટી બહેનને આરોપી સાથે પ્રેમસંબંધ હોય તો તે અંગેનો પુરાવો આરોપી રજુ કરી શકેલા હોત પણ આવો કોઈ પુરાવો આરોપી તરફે લેવામાં આવેલ નથી. આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૩૫૧ અન્વયેના વિશેષ નિવેદનમાં પણ આવો કોઈ બચાવ લીધેલ નથી. વધુમાં, ભોગબનનારના કાકાના છોકરાએ આરોપી સામે ખોટો કેસ ઉભો કરવો હોત તો ખોટા સાક્ષી પણ ઉભા કરી શકેલા હોત પરંતું ભોગબનનારના કાકાના છોકરા 'વી' અને 'એમ'ની જુબાની જોવામાં આવે તો તેઓ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સીધે સીધુ સમર્થન કરતી હકીકતો કહી શક્યા હોત પરંતું તેમને જે રીતે બનાવની હકીકતો જણાવેલી છે તે જોતાં તેમને અંધારામાં આરોપીને ઓળખેલ ના હોય તેમની જુબાનીમાં આરોપીને ઓળખેલ ના હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે અને તેથી તેમની જુબાની એકદમ પ્રાકૃતિક સ્વરૂપની જણાય છે. જો આરોપી સામે ખોટો કેસ ઉભો કરવાનો હોત તો ભોગબનનારના કાકાના છોકરાઓ આરોપીને ઓળખી બતાવેલ હોત પરંતું હાલના કેસમાં આવા પુરાવા રેકર્ડ ઉપર આવેલા નથી અને તેથી આ કેસમાં પુરાવા ઉભા કરવામાં આવેલ હોય તેમ જણાતું નથી. જેથી, આરોપી સામે ખોટો કેસ કરાવેલ હોવાનો આરોપી પક્ષનો બચાવ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. વધુમાં, ભોગબનનારની મોટી બહેન સાથે આરોપીને પ્રેમસંબધ હોવાથી જો ખોટી ફરીયાદ અપાવવી હોત તો ભોગબનનારની મોટી બહેન પાસે પણ અપાવી શકેલા હોત પરંતું તે બનાવની ફરીયાદ ભોગબનનાર પાસે અપાવવાનું કોઈ કારણ નથી. વધુમાં, ભોગબનનારની મોટી બહેનના લગ્ન થઈ ગયા પછી આવી રીતે ખોટી ફરીયાદ અપાવવાનું કોઈ કારણ રહેતું નથી અને તેથી પણ તેમનો આ બચાવ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. વધુમાં, ભોગબનનારના કાકાના છોકરાઓ 'વી' અને 'એમ'ની જુબાની જોતાં તેમણે બનાવની હકીકતો એકદમ સામાન્ય સ્વરૂપે રજુ કરેલી છે અને તેથી તેમની જુબાની વિશ્વસનીય જણાય છે અને તેમની જુબાનીથી ભોગબનનારની જુબાની પણ વિશ્વસનીય જણાય છે.

**૩૪.** આરોપી તરફે એવી દલીલ છે કે, ભોગબનનારની જુબાનીમાં આરોપીએ ભોગબનનારનું પેન્ટ ખોલેલ હોવાનું જણાવેલ છે જયારે ફરીયાદમાં આરોપીએ પોતાનું પેન્ટ ખોલેલ હોવાનું લખાવેલ છે. જેથી, ભોગબનનારની જુબાનીમાં વિરોધાભાષ છે અને તેથી ભોગબનનારની જુબાની વિશ્વસનીય નથી. પરંતું, ભોગબનનારની જુબાની જોતાં તેણીને આ વિરોધાભાષ બાબતે પ્રશ્ન કરવામાં આવેલ નથી. ભોગબનનારની જુબાનીમાં જો તેની ફરીયાદથી કે નિવેદનથી વિરોધાભાષી હકીકત રેકર્ડ ઉપર આવતી હોય તો તે બાબતે ભોગબનનારને પુછવાનું રહે છે પરંતું ભોગબનનારને આ બાબતે કોઈ પ્રશ્ન પુછવામાં આવેલ નથી. તેમ છતાં, ભોગબનનારે આપેલ ફરીયાદ જોતાં તેમાં લખેલ છે કે, ''આ મહેશભાઈ પર્વતભાઈ પટેલીયાનાએ મારો હાથ પાછળથી પકડીને રોડની સાઈડમાં આવેલ ખાડા જેવી જગ્યાએ મને ખેંચી લઈ ગયેલ અને મારા શરીરે પહેરેલ કપડા જબરજસ્તીથી કાઢવા લાગેલો ત્યારે મેં તેને ના પાડેલ તેમ છતાં તેણે મને નીચે સવડાવી દીધેલ અને તેણે પહેરેલ પેન્ટ અડધુ કાઢી નાંખેલ.'' ભોગબનનારની આ ફરીયાદ જોતાં ભોગબનનારના લખાવ્યાનો અર્થ એમ થાય છે કે, આરોપી ભોગબનનારના કપડા કાઢવા લાગેલો અને ભોગબનનારને સુવાડી તેણે અડધુ પેન્ટ કાઢી નાંખેલ. જેથી, ફરીયાદ જોતાં આરોપીએ ભોગબનનારનું જ પેન્ટ કાઢેલ હોવાનું ફરીયાદમાં લખાવેલ હોવાનું જણાય છે. વધુમાં, ભોગબનનારનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે તેમાં આરોપીએ ભોગબનનારનું પેન્ટ કાઢેલાની હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે. આમ, આ સંજોગો ધ્યાને લેતાં ભોગબનનારને આવા કોઈ વિરોધાભાષ બાબતે કોઈ પ્રશ્ન કરવામાં આવેલ ના હોય અને ફરીયાદની હકીકતો જોતાં ભોગબનનારની જુબાનીમાં વિરોધાભાષ હોવાનું જણાતું ના હોય આરોપી પક્ષની દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૩૫.** આરોપી તરફે નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષનો 'દેબરાજ દત્તા વિ. પશ્ચિમ બંગાળ રાજય'નો ચુકાદો રજુ કરેલ છે પરંતું આ ચુકાદામાંના કેસની હકીકતો અને હાલના કેસની હકીકતો એકબીજાથી ભિન્ન છે. જેથી, આ ચુકાદાનો લાભ આરોપી પક્ષને મળી શકે તેમ નથી. નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષના કેસમાં ભોગબનનાર તેની માતાને બનાવના દિવસે જ રાત્રે

વાત કરેલી હોવાનુ જણાવે છે જયારે ભોગબનનારની માતા ભોગબનનારે બીજા દિવસે વાત કરેલી હોવાનું જણાવે છે તેમજ ભોગબનનારની માતાએ મેડીકલ તપાસ કરાવવા સંમતી આપેલી ન હતી, વધુમાં તે કેસમાં આરોપીના ઘરે તેની પત્ની હાજર હતી તેમજ બીજો એક વિદ્યાર્થી પણ ત્યાં હાજર હતો તેમજ ભોગબનનારની જુબાનીમાં કેટલીક હકીકતો જણાવેલી ન હતી તે તમામ સંજોગો ધ્યાને લઈને ભોગબનનારની જુબાની શંકાસ્પદ માનેલી હતી. જયારે, હાલના કેસમાં ભોગબનનારની જુબાનીને તેણીના કાકાના છોકરાઓની જુબાનીથી સમર્થન મળે છે. આમ, બંને કેસોના સંજોગો ભિન્ન હોય આ ચુકાદાનો લાભ આરોપી પક્ષને મળી શકે તેમ નથી.

**૩૬.** આમ, ભોગબનનાર (PW-1, Exh-8)ની જુબાની ઉપરથી એ પુરવાર થાય છે કે આરોપીએ ભોગબનનારનો હાથ પકડી રોડની સાઈડમાં લઈ જઈ તેણીના કપડા કાઢતો હતો તેમજ ભોગબનનારે બુમો પાડતા મોટર સાઈકલવાળા ઉભા રહેતા આરોપી ભાગી ગયેલ હતો.

**૩૭.** આરોપીએ ભોગબનનારનો હાથ પકડી રોડની બાજુમાં લઈ જઈ તેણીના કપડા કાઢતો હોવાનું પુરવાર થતું હોય આરોપીએ જાતીય ઈરાદાઓ સાથે ભોગબનનારનો શારીરીક સ્પર્શ કરેલ હોવાનું જણાય છે અને તેથી ભારતીય ન્યાય સંહીતાની કલમ–૭૫(૧)(આઈ) મુજબનું કૃત્ય આચરેલાનું પુરવાર થાય છે અને તેથી આરોપીએ ભારતીય ન્યાય સંહીતાની કલમ–૭૫(૨) મુજબ શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાનું પુરવાર થાય છે. વધુમાં, આરોપીએ ભોગબનનારને હાથપકડીને રોડની સાઈડમાં લઈ જઈ તેણીના કપડા કાઢતો હોય અને ભોગબનનારે બુમો પાડતા મોટર સાઈકલવાળા ઉભા રહેતા આરોપી ભાગી ગયેલ હોય આરોપીએ ભોગબનનારના કપડા કાઢી નાખવા માટે તેણીને ખેંચીને રોડની સાઈડમાં લઈ ગયેલ હોવાનું પુરવાર થતું હોય આરોપીએ ભારતીય ન્યાય સંહીતાની કલમ–૭૬ મુજબનો ગુનો આચરેલ હોવાનું પુરવાર થાય છે.

**૩૮.** ભોગબનનાર સગીર વયની હોવાનું ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ ના હોય પોકસો એકટની જોગવાઈઓ લાગુ પડે તેમ ના હોય આરોપીએ પોકસો

એકટ અન્વયેનો ગુનો આચરેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી. જેથી, આરોપીએ પોકસો એકટની કલમ–૮, ૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલાનું પુરવાર થતું નથી.

**૩૯.૧** ફરીયાદ પક્ષના સાહેદ, તાલુકા વિકાસ અધિકારી, પાર્થ કિરીટભાઇ પટેલ (PW-11, Exh-32) ની જુબાની મુજબ ભોગબનનારે અનુસુચિત જાતિનું પ્રમાણપત્ર મેળવવા અરજી કરેલી અને તેની સાથે દસ્તાવેજી પુરાવા રજુ રાખેલા અને તેની ચકાસણી કરી ભોગબનનારને અનુસુચિત જાતિ અંગેનો દાખલો તેમની કચેરી દ્વારા તા. ૨૪/૭/૨૦૨૪ ના રોજ ઇસ્યુ કરવામાં આવેલ અને તે અંગે રજીસ્ટરમાં નોંધ કરવામાં આવેલી. તેમની જુબાનીમાં આંક–૩૩ થી જાતિનુ પ્રમાણપત્ર ઇસ્યુ કર્યા અંગેના રજીસ્ટરની ખરી નકલ, આંક–૩૪થી ભોગબનનારે જાતિનુ પ્રમાણપત્ર મેળવવા કરેલ અરજી અને તે સાથેના દસ્તાવેજો, આંક–૩૫ થી ભોગબનનારની જાતિ અંગેનુ પ્રમાણપત્ર, આંક–૩૬ થી ના.પો.અધિ. શ્રી એસ.સી.એસ.ટી. સેલ ગોધરાનાઓએ લખેલ પત્ર, આંક–૩૭ થી પત્ર રજુ કરેલ છે. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખે છે કે, કોઈ પણ વ્યક્તિ જાતિનું પ્રમાણપત્ર મેળવવા અરજી કરે તો દાદા, કાકા, પિતા, ફોઈનું જાતિનું પ્રમાણપત્ર રજુ કરવુ પડે અને ભોગબનનારે તેમની અરજી સાથે રજુ કરેલા દસ્તાવેજો સાચા છે કે ખોટા તેની તેમને ખરાઈ કરેલી નથી. આ સાહેદની જુબાની માની લેવામાં આવે તો ભોગબનનાર અનુસુચીત જાતિના હોવાનું પુરવાર થાય છે. પરંતું, ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં આરોપી કઈ જાતિના છે તે અંગેનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી. વધુમાં, તપાસ કરનાર અમલદારની જુબાની જોવામાં આવે તો તે તેમની ઉલટતપાસમાં કબુલ રાખે છે કે, આરોપીની જાતિનું પ્રમાણપત્ર મેળવેલ નથી. આમ, ફરીયાદ પક્ષનો પુરાવો જોતાં આરોપી કઈ જાતિના હતાં તે પુરવાર કરેલ નથી અને તેથી આરોપી અનુસુચિત જાતિ કે અનુસુચિત જન જાતિ ન હતાં તે પુરવાર થયેલ નથી. વધુમાં, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતાં ભોગબનનાર અનુસુચીત જાતિના હોવાના કારણસર જ તેણીની સાથે આ પ્રકારનું કૃત્ય આચરવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો નથી.

**૩૯.૨** આમ, ભોગબનનાર અનુસુચિત જાતિના હોવાનું માની લેવામાં આવે તો પણ આરોપીની જાતિનો ફરીયાદ પક્ષે પુરાવો રજુ કરેલ ના હોય આરોપી અનુસુચિત જાતિના ના હોવાનું પુરવાર થતું નથી. વધુમાં, ભોગબનનાર અનુસુચિત જાતિના હોવાના કારણસર આરોપીએ આ કૃત્ય આચરેલ હતું તેવું ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. જેથી, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ ૩(૧)(ડબલ્યુ)(૧)(૩), ૩(૨)(૫-એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૪૦.** આમ, ફરીયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૨/૧૨/૨૫ ના રોજ સાંજના છ એક વાગ્યાના સુમારે બસ સ્ટેન્ડથી ગામમાં જવાની રસ્તાની બાજુમાં ભોગબનનાર ઉ.વ.૧૫ વર્ષ, ૯ માસનાનીને જાતિય ઈરાદાઓથી બોલાવી ત્યારબાદ તેનો હાથ પકડી રોડની બાજુમાં ખાડામાં ખેંચી લઈ જઈ ભોગબનનારના શરીર ઉપર પહેરેલ કપડા કાઢી, નીચે સુવડાવી દઈ આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૫(૧)(આઈ) સાથે વાંચતા કલમ ૭૫(૨), ૭૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. જયારે, ફરીયાદ પક્ષ એ પુરવાર કરી શકેલ નથી કે, આરોપીએ પોકસો એકટની કલમ-૮, ૧૨ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ ૩(૧)(ડબલ્યુ)(૧)(૩), ૩(૨)(૫-એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. જેથી, મુદ્દા નં. ૨નો જવાબ 'અંશત: હકારમાં' (અટલે કે, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૫(૧)(આઈ) સાથે વાંચતા કલમ ૭૫(૨), ૭૬ મુજબના ગુના માટે 'હકારમાં', જયારે પોકસો એકટની કલમ-૮, ૧૨ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ ૩(૧)(ડબલ્યુ)(૧)(૩), ૩(૨)(૫-એ) મુજબના ગુના માટે 'નકારમાં') આપવામાં આવેલ છે.

**<u>મુદ્દા નં. ૩ :-</u>**

**૪૧.** મુદ્દા નં. ૧ અને ૨ના નિર્ણયને આધિન મુદ્દા નં. ૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>–: આખરી હુકમ:–</u>

- આરોપી મહેશકુમાર ઉર્ફે લાલો પર્વતભાઇ પટેલીયા, રહે. છોગાળા, પટેલીયા ફળિયું, તા. શહેરા, જિ.પંચમહાલનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૫૮(૧) અન્વયે પોકસો એકટની કલમ–૮, ૧૨ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ ૩(૧)(ડબલ્યુ)(૧)(૩), ૩(૨)(૫–એ) મુજબનો શિક્ષાપાત્રમાં શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપી મહેશકુમાર ઉર્ફે લાલો પર્વતભાઇ પટેલીયા, રહે. છોગાળા, પટેલીયા ફળિયું, તા. શહેરા, જિ.પંચમહાલનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૫૮(૨) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૫(૧)(આઇ) સાથે વાંચતા કલમ ૭૫(૨), ૭૬ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

- આરોપીને સજા અંગે સાંભળવા ચુકાદો મુલવતી.

હુકમ આજરોજ તા.પાંચમી માહે મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ. ગોધરા.

તા.૦૫/૦૫/૨૦૨૬

**( રાકેશ જે. પટેલ )**
સ્પે.જજ(પોકસો) અને
ચોથા એડી.સેસન્સ જજ,
પંચમહાલ, મુ.ગોધરા.
UIC No.GJ00833

**૪૨.** વિ. એ. પી. પી. શ્રી એમ. કે. દેશમુખને સાંભળ્યા. આરોપીના વિ. વકીલ શ્રી એસ. જી. શેખને સાંભળ્યા.

**૪૩.** વિ. એ. પી. પી.ની દલીલ એવી છે કે, આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચરેલો છે અને આરોપીએ ભોગબનનાર સાથે આ કૃત્ય આચર્યુ છે તે સંજોગોમાં આરોપીને મહત્તમ સજા કરવી જોઈએ. ભવિષ્યમાં સમાજમાં આવા કૃત્યો આચરતા અન્ય વ્યક્તિઓ ગભરાય તે માટે દાખલો બેસાડવા માટે આરોપીને મહત્તમમાં મહત્તમ સજા કરવી જોઈએ. આરોપીની સજા બાબતે

ઉદાર વલણ દાખવવામાં આવે તો સમાજમાં તેની વિપરીત અસર ઉભી થશે અને કાયદો જે હેતુ માટે ઘડવામાં આવેલ છે તેનો હેતુ પાર પડશે નહીં અને ગુનેગારોને કાયદાનો કોઈ ડર રહેશે નહી અને તેથી ભવિષ્યમાં આવા ગંભીર પ્રકારના ગુના આચરતા અટકાવવા માટે આરોપીને મહત્તમ સજા ફરમાવવી જોઈએ.

**૪૪.** આરોપીના વિ. વકીલની દલીલ એવી છે કે, આરોપી મજુરી કરી પોતાના ઘરનું ગુજરાન ચલાવે છે અને આરોપી ગરીબ માણસ છે અને તેને જો મહત્તમ સજા કરવામાં આવે તો તેના કુટુંબના માણસોના ભરણપોષણનો પ્રશ્ન ઉભો થાય તેમ છે અને તે સંજોગોમાં આરોપીને ફરમાવેલી સજા તેના કુટુંબના માણસોને થાય તેવી સ્થિતિ ઉભી થાય તેમ છે તેમજ આરોપીનો ગુનાહીત ઈતિહાસ નથી તેમજ આરોપી નાની વયનો છે જેથી આરોપીને ઓછામાં ઓછી સજા કરવી જોઈએ.

**૪૫.** ઉભયપક્ષની રજુઆતો તથા હાલના કેસની હકીકતો ધ્યાને લેતાં આરોપી મજુરી કરી પોતાના કુટુંબનું ભરણપોષણ કરતો હોવાનું જણાય છે અને તે જોતાં તે ગરીબ વર્ગનો માણસ છે અને તે સંજોગોમાં તેનો ઉછેર કેવા વાતાવરણમાં થયેલ હશે તે સમજી શકાય તેમ છે. વધુમાં, આરોપી સામે અન્ય કોઈ ગુનો નોંધાયેલો હોય કે કોઈ ગુનામાં સજા થયેલી હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી તે જોતાં આરોપીનો કોઈ ગુનાહીત ઈતિહાસ ના હોવાનું જણાય છે. કેસનું રેકર્ડ જોતાં બનાવ વખતે આરોપીની ઉંમર આશરે ૨૩ વર્ષની હતી. આમ, આરોપીનો ઉછેર જે વાતાવરણમાં થયેલ છે તે સંજોગો તથા આરોપીની ઉંમર તથા આરોપીનો કોઈ ગુનાહીત ઈતિહાસ ના હોવાનું ધ્યાને લેતાં તથા ગુનેગાર સમાજમાં સજા ભોગવી સારૂ જીવન જીવે તે માટે પુન:સ્થાપન માટેનું પાસુ ધ્યાને લેવામાં આવે તો આરોપીને મહત્તમ સજા કરવામાં આવે તો આરોપીના કુટુંબ ઉપર તથા આરોપીના ભવિષ્ય ઉપર અવળી અસર પડી શકે તેમ છે અને સજા ભોગવ્યા પછી આરોપીના સમાજમાં પુન:સ્થાપનને પણ અવળી અસર પડી શકે તેમ છે અને તે સંજોગોમાં આરોપીને મહત્તમ સજા કરવી ઉચિત જણાતું નથી. આરોપીએ આચરેલ

ગુનાની સજાની જોગવાઈ તથા હાલના કેસના સંજોગો ધ્યાને લેતાં આરોપીને મહત્તમ સજા ના કરતાં ઓછામાં ઓછી સજા અને કાયદાની જોગવાઈઓ ધ્યાને લઈ દંડ કરવામાં આવે તો ન્યાનો હેતુ સરે તેમ છે અને સારા નાગરીક તરીકે આરોપીનું સમાજમાં પુન:સ્થાપન થાય તેમ છે અને તે જ સમાજ માટે હિતાવહ છે. જેથી, આરોપીને મહત્તમ સજા ના કરતાં ઓછામાં ઓછી સજા કરવાનું ઉચિત જણાય છે.

**૪૬.** આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ તમામ સંજોગો ધ્યાને લઈને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

- આરોપી મહેશકુમાર ઉર્ફે લાલો પર્વતભાઇ પટેલીયા, રહે. છોગાળા, પટેલીયા ફળિયું, તા. શહેરા, જિ.પંચમહાલનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૫૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૫(૧)(આઇ) સાથે વાંચતા કલમ ૭૫(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં ૧ (એક) વર્ષની સખત કેદની સજા તથા રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)નો દંડ ફરમાવવામાં આવે છે અને જો દંડના ભરે તો વધુ ૧ (એક) માસની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે.

- આરોપી મહેશકુમાર ઉર્ફે લાલો પર્વતભાઇ પટેલીયા, રહે. છોગાળા, પટેલીયા ફળિયું, તા. શહેરા, જિ.પંચમહાલનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૫૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૬ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં ૩(ત્રણ) વર્ષની સખત કેદની સજા તથા રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા)નો દંડ ફરમાવવામાં આવે છે અને જો દંડના ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે.

- આરોપીને ફરમાવવામાં આવેલી તમામ સજાઓ એક સાથે ભોગવવાની રહેશે.

- આરોપીએ આ ગુનામાં જેલમાં ગાળેલ સમય સજામાં મજરે આપવો.

- આરોપીને ફરમાવેલ દંડમાંથી ભોગબનનારને વળતર પેટે રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ચુકવી આપવા.

- આ હુકમની એક નકલ આરોપીને વિના વિલંબે અને વિના

મૂલ્યે આરોપીને આપવી.

- આ હુકમની એક ઈ–નકલ જીલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, મુ. ગોધરાને મોકલી આપવી.

હુકમ આજરોજ તારીખ–પાંચમી માહે–મે સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૫/૦૫/૨૦૨૬
ગોધરા.

(રાકેશ જે. પટેલ )
સ્પે. જજ (પોકસો) અને
ચોથા એડી.સેશન્સ જજ,
પંચમહાલ, મુ.ગોધરા.
UID No.GJ 00833